॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ હૃદય ખોલો તો પામો ॥

સાચા સંતના શબ્દો હૃદયકેન્દ્રમાંથી આવે છે. તેઓશ્રી કહે છે : હું એ જ કહીશ, જે હું જાણું છું. 'જાણવાનો' મારો અર્થ છે 'જીવવું.' જીવ્યા વિના પણ શબ્દ જાણી શકાય છે, પણ ત્યારે તે હોય છે. માત્ર એક બોજો ! જેમાં ડૂબી તો શકાય પણ ઊગરી ન શકાય. જાણવું જીવંત પણ હોઈ શકે છે. ત્યારે આપણે જે જાણીએ છીએ એ આપણને નિર્ભાર કરે છે, હલકા કરે છે; જેથી આપણે આકાશમાં ઊડી શકીએ. 'જીવન' જ જ્યારે 'જાણવું' બની જાય છે ત્યારે પાંખો આવી જાય, જંજીરો તૂટી જાય ને અનંતનાં દ્વાર ખૂલે છે.

હું જે જાણું એ મારાં કંઠ સુધી હોય તો એ આપના કર્ણથી વધારે ઊંડે નહિ જઈ શકે. પરંતુ જે મારા હૃદય સુધી હોય એની સંભાવના એવી વિસ્તરે છે કે જો આપ સાથ આવો તો એ આપના હૃદય સુધી જઈ શકે.

આપ કંઈ નવા નથી. આ પૃથ્વી પર કશું નવું નથી. બધું બહુ જ પુરાણું છે. આપે બુદ્ધના ચરણોમાં બેસીને પણ સાંભળ્યું છે. આપે કૃષ્ણને પણ જોયા છે. આપ જીસસ પાસે પણ ઊઠ્યા-બેસ્યા છો. છતાં વંચિત રહી ગયા છો. કેમકે ક્યારેય આપનું હૃદય તૈયાર ન હતું.

આપની પાસેથી સરિતાઓ વહેતી નીકળી ગઈ. અને આપ પ્યાસા-તરસ્યા જ રહી ગયા ! આપ બહુ પુરાણા છો. જ્યારથી જીવન છે ત્યારથી આપ છો. આપ અનંત-અનંત યાત્રામાં છો. ચૂક ક્યાં થઈ જાય છે ? બસ, અહીં જ આપથી ભૂલ થઈ જાય છે. આપ ખુલ્લા જ નથી, બંધ છો. ખૂલો તો પામો.

—ઓશો

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

આ અંકનું માહાત્મ્ય
૧૫ ઑગસ્ટ, ૨૦૨૩
પરમ વંદનીય સદ્‌ગુરુ શ્રીયોગેશ્વરજીની
૧૦૩ મી જન્મજયંતી

## ॥ 'પ્રકાશના પંથે' આત્મકથાનું અમૃત ॥

"અમે તો સર્વ સુખશાંતિ સદા સંતોષ દેનારા,
અમે તો દળદર સર્વનું ક્ષણમાં જ દળનારા;
અમે તો પહોંચતા પોકાર સુણીને ભવન કે વનમાં,
અમે તો પ્રેમમાં પાગલ, અમોને જે ભજે તેના."

**–શ્રી'મા' સર્વેશ્વરી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| મા ભારતીના અંકે પ્રગટે ભક્તબાળ | શ્રી'મા' સર્વેશ્વરી | ૬ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. પૂ.શ્રી'મા'ની શબ્દસાધના | " | ૯ |
| ૩. 'પ્રકાશના પંથે' સદ્‌ગ્રંથને હૃદયમંદિરમાં સ્થાપો | સંપાદન | ૧૩ |
| ૪. 'પ્રકાશના પંથે'ની અનન્યતા | " | ૧૮ |
| ૫. 'પ્રકાશના પંથે' આત્મકથાનું અમૃત | " | ૧૯ |
| ૬. 'પ્રકાશના પંથે'નાં કેટલાક સંકલિત અંશો | સંકલન | ૨૧ |

(૧) ઈશ્વર
(૨) સંત
(૩) મહાપુરુષ
(૪) ધર્મ
(૫) નિર્ભ્રાન્તિ
(૬) સાધના
(૭) તીર્થ
(૮) કૃપા
(૯) શરણ
(૧૦) શ્રદ્ધા
(૧૧) સંસાર
(૧૨) શિક્ષણ
(૧૩) સાહિત્ય
(૧૪) જીવન
(૧૫) શરીર

## નિવેદન : 'પ્રકાશનો પંથ' સદા ઝળહળ

આપણી સંસ્કૃતિ ભારતીય છે. 'ભા' એટલે 'આત્માની આભા.' તેમાં જે 'રત' છે તે દેશ 'ભારત'. પણ સાચું ભારત ઈતિહાસ, રાજકારણ કે વિજ્ઞાન નહિ; 'માણસના અંતરતમ સત્ય એવમ્ આત્મતત્ત્વની ખોજ' છે. કહો કે; 'સંતોની પ્રકાશયાત્રા' છે. ૧૯૨૧ની પંદરમી ઑગસ્ટે સરોડામાં પ્રગટેલા શ્રીયોગેશ્વરજીએ જીવનભર પ્રકાશના પંથે રહી, સ્વયં પ્રકાશરૂપ બની જઈ; એ પ્રકાશયાત્રાના મશાલચી રહી, વિશ્વભરમાં અધ્યાત્મનાં અજવાળાં પાથર્યાં છે.

તેઓશ્રીએ પોતાની આત્મકથામાં પરમાત્માનો માર્ગ ચીંધી દીધો છે. તેમના જ્ઞાનનું કોઈ વિદ્યાલય કે વિદ્યાપીઠ નથી. જિજ્ઞાસુમાં પાત્રતા નહિ, સંભવિતતા જુએ છે. પછી પોતાને સાથે જોડી ન રાખતાં, સર્વવ્યાપક પ્રભુ સાથે જોડી દે છે; એમ કહીને કે, 'બધા સંતો પાસે જવા કરતાં, બધા સંતો જેની પાછળ પડ્યા છે તે સાચા સંત પ્રભુને અને પાવરહાઉસને મેળવવા પ્રયત્ન કરો.' પછી કોઈ બાહ્યધર્મ નહિ પણ માનવધર્મ-પ્રેમ, કરુણા, સેવા, બંધુત્વ, વૈશ્વિક અભિગમ જેવા પ્રભુપ્રાપ્તિના માર્ગો સૂચવે છે. વળી, સૌની ભીતર એક 'અખંડ જ્યોતિ'નું પ્રજ્વલન નિહાળી, સર્વને પોતપોતાના સ્વધર્મ, કર્તવ્ય, ફરજો, મૂલ્યોને સમજણપૂર્વક વળગી રહેવા પ્રેરે છે.

પરમ સદ્‌ગુરુ શ્રીયોગેશ્વરજીની પુનિત સંનિધિમાં પૂ.શ્રી'મા' પણ એ પારસસ્પર્શે પારસ બની જઈ, અનેક જીવોના લોઢાને સુવર્ણમાં પલટવા ભગીરથ પ્રયત્નો કરી રહ્યાં છે. અત્યારે ૮૦ વર્ષની વયે પૂ.શ્રી'મા' અમેરિકા-કૅનેડામાં 'વનવિશ્રામ'ના અનોખા 'આધ્યાત્મિક અભિયાન' દ્વારા થોડા દિવસ ધાંધલધમાલથી દૂર, યાંત્રિક ઉપકરણોથી મુક્ત એવી સ્વાધીનતા ચીંધી, પ્રકૃતિના શાંત-સૌમ્ય સૌંદર્યને કૃતજ્ઞભાવે નિહાળી, એનામય થઈ, આંતરજગતમાં ડોકિયું કરવા પ્રેરે છે. સાચે જ એક પરમ સંતની સંપૂર્ણ પ્રતિકૃતિ પૂ.શ્રી'મા'રૂપે અધ્યાત્મને ઝળહળ કરી રહી છે.

આવો, આજના પૂ.શ્રીના ૧૦૩મા જન્મજયંતી પર્વને નતમસ્તકે વધાવી કૃતાર્થ બનીએ ઉભય ચૈતન્યસ્વરૂપોને વંદન કરી ધન્ય બનીએ.



## ।। મા ભારતીના અંકે પ્રગટે ભક્તબાળ ।।

ગુર્જર દેશમાં રે દર્શન આપે દૈવી બાળ
શ્રાવણ સુદની બારસ, સોમવારનું પ્રભાત
દેવલોકના રે દેવ પગલી પાડે આજ
નવ વરસે શિક્ષણકાજ પહોંચે મોહમયીને દ્વાર
જીવન ઘડતરના પાઠ શીખે બ્રહ્મબાળ
આવ્યો યુવાનીનો કાળ, હિમાલયનો સુણ્યો સાદ
સુરગંગાના અંકે પહોંચે ઋષિબાળ
સ્વામી શિવાનંદની પાસ, રહે સાધન કરવા કાજ
ઋષિકેશની રે ધરતી ધારે ઋષિ
મણિશંકરનો એ પ્રસાદ સૌનો દૂર કરે વિષાદ
શાંતાશ્રમમાં રે વાળે પદ્માસન ઋષિ
સિદ્ધ ભૂમિ શાંતાશ્રમ, તપસ્યાનો ત્યાં આરંભ
ગુજરાતી મહાત્મા તપે ગંગાતીર
સાધનાનો લાંબો કાળ ઉપવાસોનો ના પાર
ઋષિબાળ બન્યા જાણે સૌના તારક
બન્યા દશરથના એ દેવ, ચંપકભાઈ કરે સેવ
વિવિધ દેવનાં રે દર્શન પામે છે સાક્ષાત્
માતા જ્યોર્તિમયી સાથ, તપ કરે એનો બાળ
બાળ બ્રહ્મચારી માતૃભક્તને પ્રણામ
બાળસખા નારાયણ સાથે સરસ્વતીમાત
સંત સેવતાં રે, ધરી સર્વમંગલ જ્યોત
શ્વેતવસ્ત્રધારી સંત સર્જે 'પ્રકાશનો ગ્રંથ'
સૌને ધરતા રે 'મુક્તિનો મહાપંથ'

**–શ્રી'મા' સર્વેશ્વરી**






# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૧૬

**તા. ૧૨-૩-૮૩, શનિવાર, ફાગણ વદ તેરશ સં. ૨૦૩૯**

**ડરબન શહેર**

આજે ભોજન બાદ મુલાકાતમાં એક ભાઈ પૂ.શ્રીને મળે છે. પૂ.શ્રી તેમની સાથે બહાર બાગમાં સૂર્યનારાયણના પ્રકાશમાં બેઠા છે.

તે ભાઈ ભગવાન શંકરને માને છે. તેમને પૂ.શ્રીએ મંત્ર આપ્યો છે. તેઓ નિયમિત ધ્યાનમાં બેસે છે. એ અંગે અને પ્રાણાયામ અંગે તેઓ પૂ.શ્રી પાસેથી થોડું માર્ગદર્શન મેળવે છે.

બપોરે પૂ.શ્રી થોડો આરામ કરે છે. આજે પણ સમૂહ-ધ્યાનનો કાર્યક્રમ થયો. તે સમયે, આવતી કાલના એક દિવસના ધ્યાન-શિબિરના કાર્યક્રમની જાણ કરવામાં આવી.

આજે આઠ વાગ્યે ભારત હૉલમાં પ્રવચન હતું. આજનો વિષય શક્તિપૂજાનો હતો. પ્રવચન બાદ પૂ.શ્રીએ શિબિરની વાતો કરી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. દૂધ-ફળ લઈને આરામ.

હરિઃ ૐ

**–શ્રી'મા' સર્વેશ્વરી**

## ॥ પૂ.શ્રી'મા'ની શબ્દસાધના ॥

[પૂ.શ્રી'મા' કહે છે :

'કોઈક દિવસ તો માનવદેહ ધરીને પ્રભુ પ્રગટશેને ? એવો દઢ વિશ્વાસ છે એટલે જ ટકી રહેવાયું છે. સર્વ પ્રકારની સુવિધા ધરતાં ધરતાં પરમ શક્તિને આશા છે કે આ 'મા' સર્વશ્રેષ્ઠ સાધના કરશે.' અને સાચે જ પૂ.શ્રી'મા' વિવિધ પ્રકારની સાધનાઓ સાથે 'શબ્દસાધના' પણ અવિરત કર્યા જ કરે છે; અહીં પ્રસ્તુત કરેલ બંને પદો તેઓની અપ્રતિમ સર્જકશક્તિનાં જ નહિ, અડોલ શ્રદ્ધાનાં પણ પરિચાયક છે.]

## ॥ પ્રાર્થના ॥

હવે પ્રભુ ભારતભૂમિમાં પધારો,
હવે પ્રભુ દેવભૂમિમાં પધારો.
સૌનાં જીવન ઉજ્જવલ બનાવો.
આદિદેવ પ્રભુ આપ ગણાઓ
પ્રણામ પુષ્પ સ્વીકારો,
જડ જીવન ઝંકૃત કરી દો
પુનિત પગલી પાડો.



શંખનાદ મંદિરમાં કરાવો
દેવોની આરતી ઉતરાવો,
આશીર્વાદના થાળ અપાવો
દેવ જેવા બનાવો.
કર્મયોગની દીક્ષા ધરી દો
નિયમિતતા શીખવાડો,
સેવાના સંદેશ સુણાવો
મૌનનો મહિમા વધારો.
પાપપુંજ અમારા નિવારો
પૂર્ણ પ્રકાશિત બનાવો,
કર્કશ જીવન મધુરાં બનાવો
અશાંતિને વળાવો.
લક્ષકોટિ કિરણો રેલાવો
સૌનાં દૈન્ય હઠાવો,
સર્વેશ્વરીને દર્શન દઈ દો
સ્વસ્વરૂપે સમાવો.

—શ્રી'મા' સર્વેશ્વરી
(૨૯/૭/૨૦૧૯
(રાગ : અમે તો..)

# ॥ પ્રત્યુત્તર ॥

તારાં કરવા સઘળાં કામ, હું તો ઊભો તારે દ્વાર,
વારેવારે કહું છું આજ, હું છું સર્વેશ્વરીનો નાથ.
સંતાઈને સંકટ હરતો, મંત્ર સુણીને મારગ ધરતો,
રાહ ના જોતો, વાટ ન જોતો, પાછળ પાછળ પગલાં ભરતો
ગંગાજીની સંગે વહેતો, બાળની સાથે ક્રીડા કરતો,
યમદૂતોની સલામી ઝીલતો, બાળને ઊંચકી લેતો.
દેખાતો ના છતાં દોડતો, સર્વેશ્વરીનો સેવક બનતો,
રમતાં રમતાં પાર હું કરતો, કાળ ઉપર શાસન કરતો.
મીરાંનો શ્રીકૃષ્ણ બનતો, શબરીનો વળી રામ હું બનતો,
દ્રૌપદી કાજે વસ્ત્ર હું બનતો, સર્વેશ્વરીનું શાસ્ત્ર હું બનતો.
વિધવિધ રૂપે સાથે ફરતો, હસતો રમતો ને વળી ભળતો,
ઊંચે ઊભો રહી જોતો, બાળનો વાંકો વાળ હું ન કરતો.
રક્ષકમાં હું ગજબલ ભરતો, અહંકાર હું સૌના હરતો,
કંકટ કંકર દૂર હું કરતો, ઘાટના પથ્થર પાર હું કરતો.
ઊંડા જળે હું ઝુકાવી દેતો, ભક્તકાજ હું પ્રાણ પાથરતો,
વિપત્તિમાં હું વહાલ ધરતો, સર્વ ભૂલોને હું ક્ષમા કરતો.
અદૃશ્ય રહીને પડખે રહેતો, ગંગાજીને હું ગૌરવ ધરતો,
કહ્યા વિના હું સઘળું કરતો, સર્વેશ્વરીના હૈયે ઠરતો.



સર્વેશ્વરીનાં આંસુ લૂછતો, સ્મિતને સદાયે પાછું ધરતો,
ચંચળ ચિત્તને સ્થિર હું કરતો, સર્વેશ્વરીનું ધ્યાન હું ધરતો.
સર્વેશ્વરી ઘર મારું હું ગણતો, કામકાજે ત્યાં જ હું મળતો,
જન્માન્તરનો સાથી બનતો, અખંડ સુખ ને શાંતિ ધરતો.
સર્વેશ્વરીનું શસ્ત્ર હું બનતો, આઠે પ્રહર એની રક્ષા હું કરતો,
આંખ ઉઘાડવા થાળ હું ધરતો, દ્વાર પધારવા આશિષ ધરતો.
ફરજો મારી પૂરી કરતો, શ્રદ્ધા ભક્તિની સંપત ધરતો,
આવરણોને હઠાવી દેતો, દ્વાર ઉઘાડી રાહ હું જોતો.
પોતાના હોય તેને પોકાર કરતો, હાક મારીને હરિરસ પાતો,
યુગેયુગે આ કામ હું કરતો, સર્વેશ્વરીનો શ્યામ હું બનતો.
પ્રકાશપંથ સદા હું ધરતો, આવે તેને સદા હું વરતો,
જીવશિવનો એ હિંડોળો, સર્વેશ્વરીએ એને માણ્યો.
સર્વેશ્વરીએ એને સજાવ્યો, જગમંચે સંતોએ વધાવ્યો,
સુણનારા સૌ સાવધ બનજો, વંદન શ્વાસે શ્વાસે કરજો.
ઋણ ચૂકવવા જીવન ધરજો, કાયમકાજે એને મળજો.
સર્વેશ્વરીની વિનંતી સુણજો,
જન્મોજન્મ શ્રીઅંકે ઠરજો.

**—શ્રી'મા' સર્વેશ્વરી**
(૨૮/૧૧/૨૦૦૬)
**શ્રીગંગાજી-હરિદ્વાર**

---

ભગવાનને પ્રેમ કરવાથી ભગવાન આપણો દેવાદાર થઈ જાય છે. પછી તે આપણી પૂરેપૂરી સંભાળ લે છે. માટે ખૂબ તન—મનથી તેનું સ્મરણ—ભજન કરવું જોઈએ.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥'પ્રકાશના પંથે' સદ્‌ગ્રંથને હૃદયમંદિરમાં સ્થાપો॥

પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી રચિત 'પ્રકાશના પંથે' સદ્‌ગ્રંથનો પ્રત્યેક શબ્દ બ્રહ્મ છે. કહો કે-'અમંત્રમ્ અક્ષરં નાસ્તિ' એકેય અક્ષર એવો નથી જે મંત્રની શક્તિ ન ધરાવતો હોય એટલે આ પુસ્તકમાંથી પ્રાપ્ત શબ્દોનો સીધો સમૂહ કે સમુચ્ચય નહિ, એમાં સંતાયેલું તત્ત્વ-સત્ત્વ, એના શબ્દોને ઉપાસી, પછી અતિક્રમી એમને મર્મ માથે ચઢાવવાનો છે.

કોઈપણ સદ્‌ગ્રંથને મંદિરમાં મૂર્તિની જેમ પૂજવાની જરૂર નથી. એનું સ્થાપન હૃદયમંદિરમાં હોય. એમાંથી ઊભી થતી રચયિતાની પ્રતિભાને પૂજવાની છે, સત્કારવાની છે.

પુસ્તક વાંચવાનો, શ્રવણ કરવાનો વિષય માત્ર નથી, એ સમજવાનું છે. આપણી ચેતનામાં એને આત્મસાત્ કરવાનું છે. એ દીપ બની આપણા અંધારા માર્ગને પ્રકાશથી એવું ભરી દે કે જેથી 'પરપ્રકાશનું માધ્યમ' મટીને 'સ્વપ્રકાશ' બની રહે.

સદ્‌ગ્રંથનું શ્રવણ, મનન, ચિંતન તો ખરું પણ પછી એ આપણા મન-વચન-કર્મમાં અનૂદિત થવું જોઈએ. તો જ પુસ્તકવાંચન સાર્થક !

પૂજ્યશ્રીનું 'પ્રકાશના પંથે' એક જ પુસ્તક પર્યાપ્ત છે, એમની આંતરચેતનાને અનુભવવા માટે !

તેઓશ્રીના બાહ્યજીવનની એકએક વીગત, આંતરદ્રવ્યનું સત્ય બની જાય છે.



હકીકતો-તથ્યોમાંથી જીવનસત્ય ઝગમગે છે. એટલે આંખો જે વાંચે છે તે નહિ, દૃષ્ટિ જે અવલોકે છે, વીગતોની આરપાર રહેલા સત્યને પારખે છે અને વાચક ધન્ય બની જાય છે.

એટલે પુસ્તકના શબ્દોની આંગળી પકડી, એમને ઠેકી, એમાં રહેલા રહસ્યને, સૂક્ષ્મ ઊંડાણને પામવાનું હોય છે અને એ રીતે પમાય એમાં જ એની સાર્થકતા છે. એ જ એનું સાચું માહાત્મ્ય છે.

જેમકે –

૧. પરિસ્થિતિનો મૂક સ્વીકાર. સ્થૂળ સંજોગો સાથે સંઘર્ષ કરવામાં ઊર્જા વેડફવાને બદલે, એ જેવા છે તેવા સ્વીકારી લઈ, એમાંથી માર્ગ કાઢવા પ્રયત્ન કરવાનો.

નહિ તો ઘણાંનું આખું આયુષ્ય ગરીબી સામે લડવામાં જ ખતમ થઈ જાય છે.

ગરીબી હટી જાય, અમીરી આવી જાય, છવાઈ જાય. ગાડી, બંગલા-સમગ્ર વૈભવ પ્રાપ્ત થવા છતાં માણસ અકિંચન રહી જાય ! હૃદયની અમીરાઈનું સ્વપ્ન સુદ્ધાં ન આવે.

૨. 'ઈશ્વર જેનો નાથ એ કદી અનાથ ન હોઈ શકે'-કેવું સત્ય પકડાવી દે છે !!

૩. અભ્યાસમાં પૂરું મન આશ્રમના બધા નિયમોને આધીન, છતાં પોતાનું સ્વાતંત્ર્ય કેવું શોધી લે છે ! (અન્યને ઉપદ્રવ ન થાય એ રીતે) આત્મવિકાસની પોતાની અનોખી દિશા પકડી લે છે.

Difficulties break or make man !

૪. અભ્યાસ સાથે ઈતર વાચનની ટેવ શ્રીરામકૃષ્ણદેવ-ગીતા સાથે ચેતનાનાતો કેવો જોડી દે છે.

૫. કેવાં ઉત્તમ બીજનું વાવેતર થાય છે !!

૬. ''યા નિશા સર્વભૂતાનાં' પૂ.શ્રી પ્રત્યેક રાત-નિદ્રાનો સમય ધ્યાન-પ્રાર્થના માટે ફાળવે છે.'

૭. સમૂહમાં રહેવા છતાં, પોતાનું એકાંત શોધી લે છે. અમસ્તી લટાર મારવા નીકળી, પ્રકૃતિનો નિબિડ સંપર્ક અનુભવે છે. વિલક્ષણ સાધુઓના પરિચયમાં આવે છે. ભીતર ઊંડે ને ઊંડે વિચારો, ચિંતન દ્વારા જવાનું શક્ય બને છે.

૮. નાટક, વક્તૃત્વ, નિબંધ, અંક વગેરેમાં પોતાની અંતઃશક્તિને ઉજાગર કરવાનો મોકો શોધી લે છે.

૯. આશ્રમની બાજુના મકાનમાં રહેતી બહેનને ભણાવવા જતાં પોતે આત્મકેળવણીથી કેવા દીક્ષિત થાય છે !

૧૦. શ્રીરામકૃષ્ણદેવ પાસેથી જગદંબાને આરાધ્ય બનાવવાની પ્રેરણા મળી.

પ્રત્યેક સ્ત્રીમાં જગદંબા નિહાળવાની દૃષ્ટિ મળી.

નારીગૌરવ-ગરિમા પણ સ્થિર રહી. આ આટલી સુંદર તો એના રચયિતા જગદંબા તો કેવાંય સુંદર હશે !

દેખીતું સૌંદર્યદર્શન સૂક્ષ્મ, અલૌકિક 'સૌંદર્ય'-સુંદરતાની મૂર્તિ સુધી પહોંચવાનો કેવો માર્ગ બની જાય છે !



'પ્રકાશના પંથે' આત્મકથાનું પ્રત્યેક પ્રકરણ આમ 'આત્મઉઘાડ' કરતું જાય છે.

બુદ્ધિએ નિર્ણય કરાવ્યો-ગુજરાતીના પ્રૉફેસર બનવાનો.

સરોડામાંથી માગાં પણ આવતાં હતાં.

૯ વર્ષની વયે મુંબઈ પહોંચેલો એક બ્રાહ્મણ-ખેડૂતપુત્ર-સામાન્ય, સરેરાશ સફળ જીવન બહુ જ આસાનીથી જીવી શક્યો હોત. માતાને પણ સર્વપ્રકારે શાંતિ-સુખ અર્પી શક્યો હોત.

પણ 'ખાધું, પીધું ને રાજ કીધું.' થી બિલકુલ અલગ એવી આ કહાની નીવડી !

રામતીર્થનું હિમાલયનું, વર્ણન વાંચી, ત્યાં જવાની તાલાવેલી લાગી.

આ રીતે સરોડા-મુંબઈ-થી હિમાલય સુધીની બર્હિયાત્રા થઈ.

આંતરજગતનાં ખગોળ-ભૂગોળ પણ સમૂળગાં બદલાઈ ગયાં. પ્રભુદર્શનની તીવ્રતા, જગદંબાદર્શનની વિહ્વળતા જાગી.

નિર્ધાર થઈ ગયો. આર્થિક પ્રશ્નનો ઉકેલ શોધી લીધો. માતાજીને સમજાવી, ગતિ કરી હિમાલય તરફ !!

હિમાલય તો સ્થિર, નિશ્ચલ ! ત્યાં કોઈ વધાવવા ઉત્સુક-આતુર ન હતું. પારાવાર મુશ્કેલીઓ, વિટંબણાઓ પણ.

પણ 'ડગલું ભર્યું કે ના હટવું...'

પ્રભુપ્રાપ્તિનું ઊંચામાં ઊંચું લક્ષ્ય નક્કી થઈ ચૂક્યું હતું. હિમાલય ગયા, પહોંચ્યા, રહ્યા.

પૂરાં વીસ વર્ષ ! જપ, તપ, સાધના જેવાં સૂઝયાં તેવાં આદર્યાં. પોતે જ પોતાના ગુરુ !

'પરમાત્મા જ જોઈએ, અન્ય કશું જ નહિ.'નો દૃઢ સંકલ્પ.

હવે તો એ સંકલ્પ જ જીવવાનો હતો. 'આત્મજાગૃતિનો અવસર' હવે કાયમી થઈ ગયો.

૧૯૬૦માં એ સંકલ્પ સફળ થઈને જ રહ્યો.

પછી પણ ઈશ્વરદર્શન કરી કૃતકૃત્ય નથી થઈ જતા, 'પ્રકૃતિનું પૂર્ણ રૂપાન્તર' કરી જંપે છે.

અને પછી જ-

જગતમાં પાછા ફરી, પ્રવચન-લેખનના અસ્ખલિત પ્રવાહમાં પોતાને ડૂબાડી દે છે.

આમ, 'આત્મકલ્યાણી જગતકલ્યાણી બની કૃતાર્થ થાય છે.'

જગતને પોતાના જેવાં જ સમર્થ નારીસંતની ભેટ ધરી દઈ, સ્થૂળ દેહે વિદાય લઈ. 'કાયમી કલ્યાણ'નું એક અનુપમ 'દિગ્દ્વાર' ખુલ્લું કરી જાય છે. એ પણ અત્યંત સહજ રીતે !

બાકી ગુરુના ઉત્તરાધિકારીઓ માટેની સ્પર્ધાના ઈતિહાસોથી અધ્યાત્મજગત ખીચોખીચ છે.

આમ, 'પ્રકાશના પંથે'ની કથા શરૂ થાય છે પૂજ્ય શ્રીયોગેશ્વરજીના સંકલ્પથી-દૃઢ સંકલ્પથી અને પૂર્ણાહુતિ પામે છે પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીના સંપૂર્ણ સમર્પણથી !

—સંપાદન

''આત્માનુભવીના શબ્દો માત્ર શ્રોતેન્દ્રિયથી સાંભળવાના નથી. સમસ્ત ચેતનાતંત્રમાં એ પ્રતિષ્ઠિત થવા જોઈએ. સઘળી ચિત્ત શક્તિથી એનું આકલન થવું જોઈએ.''



## ॥ 'પ્રકાશના પંથે'ની અનન્યતા ॥

પૂજ્ય શ્રીયોગેશ્વરજી 'પ્રકાશના પંથે'ની રચનાના સંદર્ભમાં સ્પષ્ટ કહે છે : 'સાધના દ્વારા લાંબા કાળ સુધી ઈશ્વરપરાયણ બનીને અનુભવી પુરુષોના આદેશાનુસાર પોતાની જાતનું ઘડતર કરવાનું છે. તે પછી જ જરૂર પડે તો મોં ઉઘાડવાનું છે. તે વખતે તે સ્વાનુભવથી સંપન્ન હોવાથી તેની વાણીમાંથી જે ઝરશે તે સત્ય જ હશે. તે બીજાને માટે પ્રેરણાદાયક સાબિત થશે.'

''પ્રકાશના પંથે' આત્મકથાનો સઘન અભ્યાસ સ્વામી શ્રીબ્રહ્મરૂપાનંદજીને સહજ આમ કહેવા પ્રેરે છે કે, 'આત્મકથામાં આલેખાયેલો સાધનામય જીવનનો ઈતિહાસ રસિક, તર્કબદ્ધ, બુદ્ધિસંગત અને ઉપકારક છે. વરસો તથા યુગો સુધી એ સાધકોનું કલ્યાણ કરશે, ઈતરજનોને પણ પ્રેરણા પડશે, સંસારની સફરમાં દિવ્ય દીવાદાંડીની ગરજ સારશે. આ પ્રકારની આધ્યાત્મિક અનુભવોથી ભરેલી, જીવનવિકાસની સાંગોપાંગ સમજ પૂરી પાડતી, આત્મકથા આ પહેલી છે.'

ગુજરાતી સાહિત્યમાં આ ગ્રંથરત્ન પોતાની આગવી વિશિષ્ટતાથી પ્રકાશી ઊઠશે. એની વિષયનિરૂપણશૈલી, મૌલિકતા, ભાષાપ્રભુત્વ, સરસતા બધું જ અદ્ભુત છે.

આ આત્મકથાએ ભારતવર્ષની સનાતન સાધના, આધ્યાત્મિકતા, સંતપરંપરા અને હિમાલયના ગૌરવને વધાર્યું છે. આજના વિષમ વખતમાં પણ પરમાત્માની કૃપાને પામેલા સાચા મહાત્માઓની પરંપરા ભારતમાં તૂટી નથી.'

—સંકલન

## ॥ 'પ્રકાશના પંથે' આત્મકથાનું અમૃત ॥

પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજીના સમગ્ર સર્જકસાહિત્યનો ઉદ્દેશ કોઈ સમસ્યાનું અફર નિરાકરણ આપવાનો નહિ પણ વ્યક્તિને જીવનની સમગ્રતાને ચાહતી કરવાનો છે. તેથી જ કબાટના અંધારામાં સચવાયેલી તેઓશ્રીની તમામ કૃતિઓ આપણા જીવનમાર્ગની પ્રેરણાદીપિકા બની જાય છે. આવી હૃદયધર્મ-ચૈતન્યધર્મની દીક્ષા આપનાર કૃતિઓ અગણિત છે. પરંતુ એ સર્વમાં 'પ્રકાશના પંથે' આત્મકથા સર્વોપરી છે. તેનો પ્રત્યેક શબ્દ અરે, પ્રત્યેક અક્ષર પુનિત તેજથી મઢાયેલો છે. વાચક હૃદયોને અજવાળવાની, આલોકિત કરવાની એનામાં અભૂતપૂર્વ ક્ષમતા છે.


ઑગસ્ટના અધ્યાત્મના આ અંકમાં પૂજ્ય શ્રીયોગેશ્વરજીના ૧૦૩મી જન્મજયંતી વધાવવા તેઓશ્રીના સદ્‌ગ્રંથના 'મા શારદાના ભંડારનાં રત્નો' સમા ઝળકતા શબ્દસ્ફુલિંગોની સહાય લઈ, વિનમ્રભાવે આત્મકથાના રત્નાકરની વિશાળતા, મહાનતાની ઝાંખી કરાવવાનો સીમિત પર્ણોમાં પ્રયાસ કર્યો છે. મહાત્મા શ્રીયોગેશ્વરજીનાં આ વચનામૃત સદીઓ સુધી અધ્યાત્મ વિશ્વમાં પ્રકાશ પાથરતાં રહેશે.

પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીની 'પ્રકાશના પંથે'ની આ 'અનોખી શબ્દયાત્રા' દ્વારા સતત અનુભવાયું કે;

'સદ્‌ગુરુ શ્રીયોગેશ્વરજી વ્યક્તિરૂપે આવિર્ભૂત ચેતનાની એક અવસ્થા છે જે વૈશ્વિક ચેતના સાથે સમરસ છે.' તેથી આ શબ્દ પ્રસાદમાં સનાતનતા-શાશ્વતી મહેકે છે, જેમાંથી નર્યું અમૃત ઝરે છે.'

**—સંકલન**






## ॥ 'પ્રકાશના પંથે' આત્મકથાનું અમૃત ॥

**( કેટલાક સંકલિત અંશો )**

# ॥ ઈશ્વર ॥

ઈશ્વર સાથે જેના આત્માનું અનુસંધાન હર ક્ષણે ચાલુ રહેશે તે જે ભૂમિમાં રહેશે તે તેને માટે તીર્થધામ બનશે.

❋

'રામને ભજનાર રામ જ થાય છે' એ નિયમ અનુસાર રામના દૂત ભક્તશિરોમણિ હનુમાન રામમય જ છે. તેથી જ તેને પ્રભુસ્વરૂપ સમજીને ભક્તો તેમને પણ પૂજે છે.

❋

ઈશ્વરનાં બધાં જ કામ યોગ્ય સમયે તેના સંકેત પ્રમાણે થાય છે ને જરૂર થાય છે.

❋

પરમાત્મા સૌના ગુરુ છે એ સિદ્ધાંતની દૃષ્ટિએ સાચું છે. પણ વાસ્તવિક નથી. કેમકે માણસ જો નમ્ર, પ્રામાણિક બનીને વિચારશે, તો તેને સ્પષ્ટ સમજાશે કે ઈશ્વરની ઈચ્છા, સંદેશ, પ્રેરણા પ્રમાણે તેનું જીવન ચાલતું નથી.

❋

પ્રભુ, તમારી અખંડ સ્મૃતિ ને પ્રેમપૂર્વકની તમારી પ્રાર્થના જેવો યજ્ઞ બીજો કોઈ જ નથી.



પરમાત્માને જોવા માટે કોઈ વિશેષ ભણતર કે ડિગ્રીની જરૂર નથી. પદ કે ધનની પણ જરૂર નથી જોઈએ છે ફક્ત પ્રેમ ને પ્રેમના પરિણામે પીગળેલા પ્રાણમાંથી પ્રકટતો નિરંતર પોકાર.

❋

ઈશ્વરે જે ધાર્યું છે તે થઈને જ રહે છે અને જે નથી ધાર્યું તે કરોડો પ્રયત્ને કે ઉપાયે પણ નથી થતું.

❋

God ઈશ્વર તો એક જ છે. પરંતુ Gods એટલે કે દેવતાઓ જુદા જુદા છે. જ્યાં જ્યાં દિવ્યતાનું દર્શન થાય છે, જ્યાં જ્યાં દિવ્યતાનો વાસ છે, ત્યાં ત્યાં અમારા દિવ્ય ઋષિવરોએ દેવતાનું દર્શન કર્યું છે. પરંતુ સર્વાન્તરર્યામી સર્વેશ્વર ઈશ્વર તો એક જ છે.

❋

'હોવત સોઈ જો રામ રચિ રાખા
જો જસ કર હિ સો તસ ફલ ચાખા'

—આખરે તો બધું ઈશ્વરની ઈચ્છા પ્રમાણે, કર્મના નિયમને અનુસરીને જ થયા કરે છે.

ઈશ્વરની દુનિયામાં બધું મંગલ જ છે. અમંગલ દેખાતા પ્રસંગોમાં પણ મંગલતાનું અખંડ અસ્તિત્વ રહેલું જ હોય છે.

❋

આપણે બધા વિના ભોગે જ ઈશ્વર પાસે ઘણી મોટી કૃપા માગી રહ્યા છીએ, ને માગતા અચકાતાં પણ નથી. બદલામાં આપણો શો ધર્મ છે તે ભાગ્યે જ વિચારીએ છીએ.

❋

જે ઈશ્વરી પ્રેરણા પ્રમાણે ચાલે છે તેને બીજી ચિંતા કરવાની જરૂર નથી.

❋

ઈશ્વરના દરબારમાં બધા દિવસો સરખું મહત્ત્વ ધરાવે છે.

❋

ઈશ્વરની કૃપા માટે પંડિતાઈની જરૂર નથી. જેની જરૂર છે તે તો સરળ અને સાફ હૃદયની છે.



જે પરમાત્માની સાથે અનુસંધાન સાધી લે છે તે જ તેના પ્રભાવથી મુક્તિ મેળવી તેના રહસ્યનો પાર પામી શકે છે.

❋

જે ઈશ્વરને સર્વસ્વ સમજીને તેની પ્રસન્નતા માટે પ્રયાસ કરે છે. તેના સૌભાગ્યને કોણ ખંડિત કરી શકે તેમ છે ?

❋

ઈશ્વર સારા સંસારનો સ્વામી છે. તે જ સૌનો પિતા છે. ને માતાની જેમ માયાળુ બનીને સૌની સંભાળ લેવા પણ તે તૈયાર છે. તે સહુની રક્ષા કરે છે. તેને યાદ કર, પ્રેમ કર. તેના પર વિશ્વાસ રાખો. ને પ્રાપ્ત થયેલી પરિસ્થિતિમાં પ્રસન્ન રહીને તેમાંથી માર્ગ કાઢવા મહેનત કરો.

❋

સૃષ્ટિના સઘળા પદાર્થો પરમાત્મતત્ત્વથી ભરપૂર છે. તેથી સૌમાં પરમાત્માનું દર્શન કરવાની ટેવ પાડવી જોઈએ.

સમજુ માણસે એક ઈશ્વરને જ વરવું જોઈએ. ઈશ્વરના ચરણોમાં જ પ્રીતિ કરવી જોઈએ, અને અવિનાશી ઈશ્વરની સાથે અનુરાગના દોરે બંધાઈ જવું જોઈએ.

❁

પ્રાણીમાત્રના દિલમાં રહીને પ્રેરણા કરનારી શક્તિ ઈશ્વરની જ છે. તેની જ અસર નીચે આવીને પ્રાણીમાત્ર આ પૃથ્વીમાં પ્રવૃત્તિ કરે છે.

❁

સફળતા અને નિષ્ફળતા તો ઈશ્વરના હાથમાં છે. માણસ છેલ્લા શ્વાસ સુધી પુરુષાર્થ કરે તેમાં જ તેનો નિયમ રહેલો છે.

❁

ઈશ્વરને માટેના કષ્ટસહનમાં માનવનો પ્રખર, પ્રશસ્ય પુરુષાર્થ સમાયેલો છે. તેને તપનું ઉત્તમ નામ આપવામાં આવ્યું છે. એવા અસાધારણ કષ્ટસહનની શક્તિ ઈશ્વરની કૃપા સિવાય નથી સાંપડતી.

❁

ઈશ્વર માટે સારેલું એક જ આંસુ, પાડેલો એક જ પોકાર ને કરેલી સતત ઝંખના સફળ થયા વિના રહેતી નથી.



જેનું અજ્ઞાન ટળ્યું છે તે તો જે સનાતન છે તે ઈશ્વરમાં જ આસક્ત થશે ને એ રીતે અમરપંથનો યાત્રી બનશે.

❁

ઈશ્વર દયાળુ છે પોતાના પ્રેમીના કામ ને કોઈ ને કોઈની મારફત કર્યા કરે છે.

❁

ઈશ્વરની દુનિયાની વિવિધતા તથા વિચિત્રતાનું તટસ્થ ભાવે દર્શન કરીને આપણે પ્રત્યેક પળે, પ્રત્યેક સ્થળે સુખ જ માનવાનું છે.

❁

પોતાને ભજનારની બધી રીતે રક્ષા કરવી ને તેના જીવનની જરૂરતો પૂરી પાડવી એ તો ઈશ્વરનો સહજ સ્વભાવ છે. તે માટે ઈશ્વરે પ્રતિજ્ઞા કરી છે.

❁

ઈશ્વરની લીલા અનંત છે. તેની કળા અકળ છે. તેની ઈચ્છાનુસાર તે કોઈને ગમે તેવો અનુભવ આપી શકે છે. તે અનુભવ તે ક્યાં, ક્યારે ને શા માટે આપે છે ? તે તેના વિના બીજું કોણ કહી શકે ?

ઈશ્વર ધારે તો મૂંગાને પણ બોલાવી શકે છે ને શત્રુને સુહૃદ કરે છે.

❋

સૃષ્ટિમાં જ્યાં જ્યાં સુંદરતા છે, મધુરતા છે, ઉત્તમતા છે, પ્રેમ ને જ્ઞાન છે. ત્યાં ત્યાં ઈશ્વરી પ્રકાશ જ વિલસી રહ્યો છે.

❋

ઈશ્વર જડ ને ચેતન બધામાં રમી રહ્યો છે ફક્ત માણસના મોહમિશ્રિત જડ ચક્ષુ તેને જોઈ શકતાં નથી.

❋

ઈશ્વરની કૃપા સિવાય સંતસમાગમનો સુયોગ ભાગ્યે જ સાંપડી શકે.

❋

ઈશ્વરની ઇચ્છાથી પ્રેરાયેલો પુરુષ લોકહિત માટે સક્રિય બને તો સાચું, સ્વાર્થરહિત મહાન કાર્ય કરી શકે.



# ॥ સંત ॥

સાચા સંતો સૌમાં પરમાત્માનું દર્શન કરે છે તે સૌને પ્રેમ કરે છે.

❋

સંતોનો સમાગમ સદાયે સુખકારક હોય છે. તે સદાને માટે મળ્યા કરે તો પણ મન ધરાતું નથી કે તેનું આકર્ષણ ઓછું થતું નથી.

❋

સાચા સંતોનો સ્વભાવ ઉદાર ને સરળ હોય છે. બીજાના રાઈ જેટલા ગુણને તે મેરુતુલ્ય માની લે છે. અને અંકુર જેટલા સારાંશને વૃક્ષ બરાબર વર્ણવી બતાવે છે.

❋

સંતો હંસ જેવા ગુણવાળા હોય છે. બીજાને મોટાઈ આપવા ને જરા પણ શુભ દેખાય ત્યાં તેની મહત્તા ગાવા સદાયે તૈયાર રહે છે. પોતે માનના અધિકારી હોવા છતાં નિર્માનભાવ ને નમ્રતાની મૂર્તિ હોવાથી બીજાને સન્માનના અધિકારી માનતા હોય છે. તેમના વિચાર, વાણી ને તેમનું વર્તન મંગલમય હોય છે. એવા સંતો સંસારના માટે શોભાસ્પદ અને આશીર્વાદરૂપ છે. તેમનું દર્શન પ્રેરણાદાયક અને ઉત્સવરૂપ હોય છે.

સંતોની સંસ્મૃતિ ને સંતોનો સ્નેહ તેમના સમાગમની પેઠે સદાયે સુખકારક અને શાંતિદાયક છે.

❋

અનુભવી સંતોનો સમાગમ સાધનાના અનેક ગ્રંથોની ગરજ સારે છે તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી.

❋

વર્ષો સુધી ધર્મ અને સાધનાના ગ્રંથોનું વાચન, મનન કરવાથી જે ફળ મળે છે તેથી પણ વધારે કીમતી ફળ સાધના ને ધર્મથી જીવનને ઉજ્જવળ કરી ચૂકેલા એક સંતપુરુષના દર્શન ને સમાગમથી મળે છે.

❋

સંતસમાગમથી મનને અશાંત કરેલી કે બેચેન બનાવનારી શંકાઓનું સુખદ સમાધાન થાય છે ને કેટલાક અવનવા અનુભવોની માહિતી મળે છે.

❋

સંતો માણસોના જીવનમાં સાકાર સિદ્ધિરૂપે વિચરે છે. તેમના વિના અજ્ઞાન કે સંસારનો મોહ દૂર થતો નથી.



સંત એટલે ઈશ્વરની કૃપા પામેલો પુરુષ દેશ અને દુનિયાના મંગલ માટે વિરાટ રૂપમાંય કામ કરી શકે છે.

❋

સાચા સંતની વાણી કોઈ સાધારણ સંતની વાણી નથી પણ ઈશ્વર સાથે અભેદ સાધી ચૂકેલા એક પ્રેમના પયગમ્બર કે સિદ્ધ મહાપુરુષની વાણી છે.

❋

સંત મહાત્મા કે આધ્યાત્મિક વિકાસસંપન્ન પુરુષ ઉચ્ચ છે, પૂજ્ય છે ને તેમનું એક વિશિષ્ટ સ્થાન છે. તેથી તેમની સાથેના વ્યવહારના નિયમો જુદા જુદા છે.

❋

સાધુપુરુષે બે વસ્તુને ખાસ સાચવવાની છે. જીભ અને ઉપસ્થ. ‘જીભ અને ઉપસ્થના સંયમ વિના બધું નકામું છે. જીભના વિષયમાં રસાસ્વાદ ને વાણી બંનેનો સમાવેશ થઈ જાય છે. બ્રહ્મમય અથવા સંયમની મહત્તા તો લગભગ પ્રત્યેક ધર્મના મહાપુરુષે પોકારી-પોકારીને કહી બતાવી છે.

સમર્થ સંતને માટે શું અશક્ય છે ? એ માનવરૂપમાં ઈશ્વર છે.

❀

જે સંત માનવની સુષુપ્ત ચેતનાને જાગ્રત કરે છે, પ્રેરણાનાં પીયૂષપાનથી બળવાન બનાવે છે અને માનવના અંતરાત્માને અવિદ્યાના અંધકારમાંથી બહાર કાઢીને પ્રજ્ઞાના પતિતપાવન પરમ પ્રકાશ પ્રતિ પ્રેરે છે, જે માનવને માનવ તરીકે શ્વાસ લેવાની શિક્ષા-દીક્ષા આપે છે, એમની સેવાપ્રવૃત્તિ અમોઘ, અસાધારણ. આશીર્વાદરૂપ છે.

## ॥ મહાપુરુષ ॥

મહાપુરુષો કે સિદ્ધોની શક્તિ અજબ હોય છે. સાધારણ માણસની જેમ મકાનની અંદર આવવા માટે તેમને પ્રવેશદ્વાર કે બારીબારણાંની જરૂર નથી હોતી. પ્રકૃતિ પર તેમનો કાબૂ હોવાથી તે ઈચ્છાનુસાર ગમે ત્યાં પહોંચી ને પ્રવેશી શકે છે.



મહાપુરુષોની એ વિશિષ્ટતા છે કે તે ધારે તેને જ દર્શન આપે છે. ને ધારે તેની સાથે જ વાત કરે છે. બીજાને તેની ખબર પણ પડતી નથી હોતી.

❀

મહાપુરુષો દેશ-કાળથી પર હોય છે. દેશકાળની મર્યાદામાં રહીને તેમનો વિચાર કરવામાં અજ્ઞાન રહેલું છે.

❀

મહાપુરુષોને દેશકાળનાં બંધન નથી તેથી ગમે તે વખતે ગમે તે સ્થળે તે દર્શન આપી શકે છે. તેમનાં દર્શન માટે માણસનું મન આતુર હોવું જોઈએ અથવા આતુર ના હોય તો પણ તેમની અથવા ઈશ્વરની ઈચ્છાથી તેમનું દર્શન થઈ શકે છે.

❀

જે મહાપુરુષો પરમાત્મામાં મળી ગયા છે તેમાંના કોઈનું દર્શન કરવાની ઈચ્છા હોય તો પણ એની ઈચ્છા પરમાત્માની કૃપાથી પૂરી થઈ શકે છે. અથવા તો પરમાત્મા પોતે એ મહાપુરુષના સ્વરૂપમાં પ્રગટ થઈને સાધકને શાંતિ આપે છે.

આ સંસારમાં બે પ્રકારના મહાપુરુષો છે. પહેલા પ્રકારના મહાપુરુષો શરીરનો ત્યાગ કરીને પરમાત્મામાં સંપૂર્ણપણે મળી જાય છે, એક થઈ જાય છે. પણ બીજા પ્રકારના મહાપુરુષોનું બંધારણ જરાક જુદું હોય છે. તેમણે પરમાત્મા સાથે એકતા સાધી લીધી હોવા છતાં શરીર છોડ્યા પછી તે પરમાત્મામાં પૂરેપૂરા મળી જતા નથી. તે પરમાત્માનો સાક્ષાત્કાર કરી, જીવનમુક્તપદે પહોંચી ગયા પણ બીજાને પૂર્ણતા ને મુક્તિનો માર્ગ બતાવે, પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના કલ્યાણકામમાં મદદ કરે ને સંસારમાં ઈશ્વરનો સંદેશ ફેલાવે. એ પ્રેમાળ અને પરગજુ સ્વભાવના હોય છે ને લોકસંગ્રહમાં માને છે. તેથી શરીરને છોડી દીધા પછી પણ પોતાનું અલગ અસ્તિત્વ ટકાવી રાખે છે. તેમાંના કોઈ સૂક્ષ્મ શરીરે તો કોઈ સ્થૂળ શરીરે પણ રહે છે. તે સિદ્ધ અને મુક્ત કોટિના હોય છે.

❀

મહાપુરુષો પોતાના કર્મોથી લાખો લોકોને પ્રેરણા આપે છે. તે અમર છે. તેમને પોતાનું નામ રાખવા કોઈ સંતાનની જરૂર પડતી નથી.



જીવનમુક્ત આત્માને ઓળખવા માટે તેના અંતરના ઊંડાણમાં ડોકિયું કરવું જોઈએ. તેના બાહ્યવેશ તથા વ્યવહાર પરથી તેના મૂલ્યાંકનની કોશિશ કરીએ તો એ કોશિશ નિરર્થક જ નીવડે.

❀

મહાપુરુષ વિશે જે પણ અભિપ્રાયો ઉચ્ચારવામાં આવે તો પૂરતા ચિંતન, મનન, અનુભવથી ઉચ્ચારવા જોઈએ. એમના જીવન તેમજ મહિમાથી પૂર્ણપણે માહિતગાર થવું જોઈએ.

❀

અવતારી અને મુક્ત મહાપુરુષોનાં શરીરધારણના બે હેતુ હોય છે : એક તો વ્યક્તિગત સાધના દ્વારા બીજાને માર્ગદર્શન કરવાનો હેતુ ને બીજો આધ્યાત્મિક પુનરુત્થાનનો હેતુ.

❀

મહાત્માઓનું મૂલ્ય કેવળ બાહ્ય પ્રભાવથી જ નક્કી નથી કરાતું. એમની અંદરની અવસ્થાનું અવલોકન પણ કરવું પડે છે. એમના અંતરંગ સંપર્કમાં આવીને એમના અંતઃસ્તલમાં અવગાહન કરવું રહે.

પોતપોતાના સ્વભાવ પ્રમાણે મહાત્મા બાહ્યરૂપે ગમે તે અવસ્થામાં રહે. તેનું મુખ્ય મૂલ્યાંકન તેના વિચારોની ઉચ્ચતા અને પવિત્રતા, તેની નિર્મળતા, અનાસક્તિ તેમજ તેના વીતરાગપણા પરથી થવું જોઈએ. તેનામાં પ્રગટ થતી દૈવી સંપત્તિની છાયા તેની ભક્તિ કે તેની આધ્યાત્મિક અનુભૂતિ એ જ તેને માપવાના ગજ હોઈ શકે.

❋

આત્મદર્શી મહાત્માઓની ગમે તે સ્વરૂપની ઉપસ્થિતિ, એમના પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં આવનારા માટે પ્રેરક અને આશીર્વાદરૂપ બને છે. એ કયા જીવોના કલ્યાણ માટે ક્યાં, કેવા સ્વરૂપે અને ક્યારે પ્રકટે છે તે કોઈ કહી શકતું નથી.

❋

બ્રહ્મજ્ઞાની પુરુષ તો સર્વપ્રકારના સંકલ્પો-વિકલ્પોથી પર હોય છે. જીવનની તૃષ્ણા અને મરણની બીકથી મુક્ત-તેવો પુરુષ તો જીવતાં જ મુક્ત છે.

❋

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.



પ્રાતઃસ્મરણીય મહાપુરુષોના ઉજ્જવળ જ્યોતિર્મય જીવનને દૃષ્ટિ સમક્ષ રાખીને આપણા દોષોને દૂર કરવા માટે અને પ્રેરણા, પ્રકાશ તથા પથદર્શન પામવા પ્રાર્થના કરવી જોઈએ. અને એમના જીવનને અનુસરીને આદર્શ જીવન જીવવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

❋

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

❋

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

❋

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

❋

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

મહાપુરુષના સંગનું મૂલ્ય આંકી શકાય તેમ છે ? દુનિયાનું સમસ્ત ઐશ્વર્ય તેની આગળ ફિક્કું પડે છે. તે તો આત્માને ઢંઢોળે છે, ચેતન અર્પે છે ને પરમ પ્રકાશથી હૃદયને આલોકિત કરે છે.

## ॥ ધર્મ ॥

ધર્મને જીવનનું અગત્યનું અંગ માનનારા, ધર્મસ્થાનો ને ધર્મપુરુષો પ્રત્યે આદરભાવ રાખનારા ને જીવનને ધર્મમય કરવા પ્રામાણિકપણે પુરુષાર્થ કરનારાઓની આવશ્યકતા છે. ધર્મ જો જીવનમાંથી કપાઈ જશે તો માણસમાં માણસાઈ જેવું કાંઈ નહિ રહે. તે પશુથી પણ પામર, હીન ને બદતર બની જશે.

❀

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

❀

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.



ધર્મ કોઈપણ દેશની પ્રજાના રોજબરોજના વ્યાવહારિક જીવનનું અભિન્ન અંગ બને તો જ ઉપયોગી અને આશીર્વાદરૂપ થઈ શકે.

❀

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

❀

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

❀

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

❀

જીવનમુક્તની પરીક્ષા તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણાથી થાય છે.

આધ્યાત્મિક સાધનાપંથના પ્રવાસીએ સતત પુરુષાર્થ કર્યા વિના છૂટકો નથી. નિષ્ફળતાથી નાહિંમત કે નિરાશ થયા વિના તેણે સાધના કરતાં જ રહેવું જોઈએ.

❀

વ્રત એક સાધન છે અને તેનો ઉપયોગ આત્મિક ઉન્નત્તિ માટે અથવા પરમાત્માની કૃપાની પ્રાપ્તિ માટે કરવાનો છે.

❀

પુરુષાર્થના દિલની અખૂટ પ્રેરણા, કર્મવીરની દીક્ષા, કવિની કવિતા, તત્ત્વજ્ઞાનનું તત્ત્વ એવી 'ગંગા' ઉલ્લાસથી વહેતી રહી, જોનારને સંદેશ આપે છે કે; 'હે માનવ, જીવનમાં અનંત આનંદની ઉપલબ્ધિ કર. ખૂબ પ્રેમથી જીવ ઉલ્લાસથી આગે બઢ. અને મૂળ આદર્શ ઈશ્વર તરફ-પૂર્ણતા તરફ પ્રયાણ કર.'

❀

ગીતાએ કેવળ સર્વસંગપરિત્યાગી, વિવિક્તવાસી, ત્યાગી પુરુષોને જ પ્રેરણા નથી પાઈ. એ વસતીની વચ્ચે વસનારા ને વિચરનારને વર્તમાન ભારતના નિર્માતા કે પ્રેરણાદાતા કર્મવીર બનાવવા પણ માર્ગદર્શન આપનારી બની છે.



પરમાત્મામિલનનું એકમાત્ર મહાન સાધન તીવ્ર પ્રેમ ને તે દ્વારા વ્યાકુળ હૃદયે થતી પ્રાર્થના છે. એટલે બીજાં બધાં ગૌણ સાધનો દ્વારા આ મહાન સાધનને વિકસાવવાનો પ્રયાસ સાધકે કરવો જોઈએ.

❀

દિવસરાત સંસારના ક્ષણભંગુર પદાર્થો માટે મહેનત કરીને તું સંસારમાંથી વિદાય થશે. આથી સોમા ભાગની મહેનત પણ તેં ઈશ્વર માટે કરી હોત તો તું નશ્વર શરીરનો ઉપયોગ કરીને અમર બની જાત.

## ॥ નિર્ભ્રાન્તિ ॥

અવતાર થવાનો હોય તો પણ એ થાય ત્યાં સુધી બીજાએ બે હાથ જોડીને કાંઈપણ કર્યા વગર બેસી ન રહેવાય. અવતાર આવશે તો એનાં કાર્ય એ કરશે આપણે આપણું કાર્ય કરવાનું છે. આપણા જીવનમાં ઈશ્વરનો અવતાર થાય એ ખાસ જરૂરી છે.

❀

—ભૂલેલાંને યાદ કરાવવું અને જેમને યાદ હોય તેમના સ્મરણને સુદૃઢ બનાવવું એ જ અમારું કાર્ય છે.

મંદિરો સંસ્કાર પ્રસારણનાં કેન્દ્રો કે સંસ્કૃતિધામો બને એ ઈચ્છવા યોગ્ય છે. કેવળ જડ પરંપરાનાં પોષક બનવાને બદલે સમયોચિત સેવાસ્થળો થાય તો એની મહત્તા વધે. એમાં આવતા ધનનો ઉપયોગ જનહિત માટે કરવો જોઈએ.

❀

જગતમાં આવીને શું કરવાનું હતું ને શું કરી રહ્યા છો ? 'હરિ સ્મરના થા, હરિ ભજના થા, ત્રિવિધ તાપ જો દૂર કરતા હૈ ક્યા કરના થા ? ક્યા કરતા હૈ ?'

❀

સત્યને ગ્રહણ કરવા ને સમજવા દિલને ખુલ્લું રાખવાની અનિવાર્ય આવશ્યકતા છે. બધા પૂર્વગ્રહોથી મુક્ત બની, નવા વિચારના પ્રવેશ માટે હૃદયનાં બારીબારણાં સદા ખુલ્લાં રાખવાની જરૂર છે.

❀

પાપીનો ઉદ્ધાર પાપી હોવાથી કે પાપ કરતાં રહેવાથી નથી થયો પણ પાપને ઓળખી લઈ, પાપથી મુક્ત થવાનો સંકલ્પ કરી, પાપને છોડી પુણ્યાત્મા બનવાથી જ થયો છે.



ઉપવાસ, વ્રત એ યાદ લેવાની કે નકલ કરવાની વસ્તુ નથી.

❀

હઠયોગને હઠ કરવા સાથે કાંઈ જ સંબંધ નથી. તે તો પ્રાણ, મન ને શરીરના સંયમનો યોગ અને ઈડા ને પીંગલામાંથી વહેતા પ્રાણને સુષુમ્ણામાં લઈ જવા માટેની, અર્થાત્ અંધકારમાંથી પ્રકાશમાં જવા માટેની સાધના છે.

❀

આપણે ત્યાં ગાયોની પૂજા થાય છે ખરી પણ પૂજાની સાથે સમ્યક્ સેવા થાય તો સોનામાં સુગંધ ભળે.

❀

એક વાત તો ચોક્કસ છે કે મંદિર, મસ્જિદ, ધર્મગ્રંથો કે માણસનો નાશ કરવાથી ધર્મની ભાવનાનો નાશ થઈ શકતો નથી. એ તો માણસના દિલમાં ઓતપ્રોત થઈને રહેલી હોય છે. નાદ ચાલુ થવાથી સાધનાનું કામ સરળ થઈ પડે છે. પણ સાધકે ચાલુ થયેલા નાદનો બનતો લાભ ઉઠાવીને ધ્યાન કરવાની જરૂર છે. તો જ તેને સારો લાભ મળી શકે છે.

આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રમાં સફર કરનાર સાધકને માટે જેટલું બની શકે તેટલું વહેલું ઊઠવું જરૂરી છે.

## ॥ સાધના ॥

સાધનાની સિદ્ધિને માટે કરેલો પ્રત્યેક પ્રયાસ ઈશ્વરના દરબારમાં નોંધાઈ જશે અને આજે નહિ તો કાલે તે પ્રયાસોનું સરવૈયું નીકળતાં સાધકની ઇચ્છા જરૂર પૂરી થશે.

❀

આત્મિક સાધનાના ક્ષેત્રમાં જે બીજારોપણ થાય છે તેના અંકુરો નૈસર્ગિક નિયમને અનુસરીને એક દિવસ અંકુરિત થાય છે, દૃષ્ટિગોચર બને છે, અનુભવાય છે ત્યારે અનેકને આશ્ચર્યચકિત કરે છે.

❀

સવારનો સમય દિવસભરનો સોનેરી સમય છે. તે સમયે સાધકે સદ્‌વિચાર અને સદ્‌ભાવમાં સ્નાન કરીને નિર્મળ થવાની કળા શીખવાની છે.

❀

મર્યાદા મુજબનો પ્રવાસ સાધનામાં નડતરરૂપ નથી.



સાધના કરતાં કરતાં પણ જ્યાં સુધી ધ્રુવપદે ન પહોંચાય કે સિદ્ધિ ના સાંપડે ત્યાં સુધી મૂંગે મોઢે સતત પ્રયાસ કરતાં રહેવાનું છે. રાત્રે કોઈ કોઈ સાધકો વહેલા ઊઠીને જપ કે ધ્યાન કરવા બેસે છે. પરંતુ ઘણીવાર તેમને આળસ ને ઊંઘ સતાવ્યા કરે છે. તેથી તે મૂંઝવણમાં મૂકાય છે. તેવા સાધકોએ ઊંઘમાંથી ઊઠીને મોઢું ધોઈ નાખવું જોઈએ. તે છતાં પણ જો સુસ્તીનું આક્રમણ ચાલુ રહે તો શરૂઆતમાં આંટા મારતાં પ્રભુસ્મરણ કરવું જોઈએ. તેથી ઘણો ફાયદો થશે. તેવા સાધકોએ રાતે પેટ ભરીને ખાવાને બદલે સૂક્ષ્મ ભોજન કરવું જોઈએ.

❀

આત્મોન્નતિની ઇચ્છાવાળા સાધકોએ કોઈનીયે ટીકા ને ચર્ચાની પરવા કર્યા વિના ઈશ્વર પર શ્રદ્ધા રાખીને સદાયે આગળ વધવાનું છે.

❀

પરમાર્થના પ્રવાસીએ પોતાની સાધનાના ગન્તવ્ય સ્થાન કે લક્ષ્યને કદી પણ ભૂલવાનું નથી. પ્રવાસ કરતાં કરતાં પંથમાં સુંદર સ્થળો આવે, મમતા ને માયા બતાવનારાં માણસો મળે ને આંખ અને અંતરને આકર્ષી લેનારાં પદાર્થોની પ્રાપ્તિ થાય તો પણ તેણે ડગવાનું કે ભ્રાન્તિમાં પડવાનું નથી.

મુશ્કેલી હોય તોપણ હિંમત હાર્યા વિના સાધકે સદા આગળ ને આગળ વધવું જોઈએ.

❀

સાધકે બહારના દુશ્મન કરતાં વધારે પ્રબળ એવા અંદરના દુશ્મન સામે મેદાને ઉતરવું પડે છે. યુદ્ધમાં જોઈએ તેથી પણ વધારે બહાદુરીની તેમાં જરૂર પડે છે.

❀

સાધકે પ્રત્યેક નાના કે મોટા પ્રસંગનું મંથન કરીને તેમાંથી નવનીત શોધી કાઢવું જોઈએ. તો જ જીવનની સાધના વિકસે અને સફળ બને.

❀

ભય નહિ પ્રેમ, પ્રલોભન નહિ પણ પવિત્ર વિવેકને જ સાધનાનું પ્રેરણાત્મક પીઠબળ બનાવવાની આવશ્યકતા છે.

❀

પ્રેમ ને શ્રદ્ધા વિનાની કોઈએ સાધના સારવતી ભાગ્યે જ થઈ શકે છે.



સાધનામાં સૌને એકસરખા અનુભવો નથી થતા. રુચિ, પ્રકૃતિ ને પાત્રતા પ્રમાણે અનુભવોના પ્રકારોમાં ફેર પડે છે. માટે અનુભવો થાય કે ન થાય તો પણ સાધના ચાલુ જ રાખવી જોઈએ.

❀

પોતાને કોઈ વેરભાવે જુએ કે ન જુએ તોપણ સાધકે સૌને પ્રેમ કરતાં શીખવું જોઈએ.

❀

કેવળ સ્વપ્નદૃષ્ટા ને સ્વપ્નસેવી થઈને બેસી રહેવાને બદલે સ્વપ્નશિલ્પી થવાની સાધના કરવા કમર કસવાની છે.

❀

ભજન કીર્તનનો કેવળ શોખ ખાતર નહિ, પણ સાધના માટે પ્રયોગ કરવો જોઈએ તો જ જીવનની ઉન્નતિ થઈ શકે.

❀

રાતનો શાંત સમય સાધના માટેનો સર્વોત્તમ સમય છે. તે વખતે જે કુદરતી શાંતિ રહે છે તે મનને વશ અને એકાગ્ર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સાધનાનો માર્ગ કષ્ટસાધ્ય છે એમાં ભારે ઉત્સાહ, લગની, તાલાવેલી, શ્રદ્ધા ને પુરુષાર્થની જરૂર પડે છે.

તલ્લીનતાની આવશ્યકતા સાધનામાં સૌથી વધારે છે. તેલની ધારાની જેમ મન એકાકાર બનીને અસ્ખલિત રીતે વહેવું જોઈએ તો જ ધ્યેય વસ્તુ મળી શકે છે.

❋

સાધકે પરમ શુદ્ધ થઈ કંચનમય બનવાનું છે. પોતાની નાનામાં નાની ખામી પ્રત્યે પણ ખૂબ જ જાગ્રત રહેવાનું છે. તેને નિર્મૂળ કરવાનો પુરુષાર્થ કરવાનો છે.

❋

પરાવલંબન સાધકને માટે શોભા નહિ પણ ઐબ છે. ભૂષણ નહિ પણ દૂષણ ને સદ્‌ગુણ નહિ પણ દુર્ગુણ છે.

❋

આત્મોન્નતિ અથવા ઈશ્વરદર્શનની ઈચ્છાવાળા સાધકે મન, વચન, કાયાથી પવિત્ર થઈને પવિત્ર કર્મો કરવાની ટેવ પાડવાની છે તે વિના તેમની સાધના ભાગ્યે જ સફળ થઈ શકશે.

❋

સાધકની અંદર જે નાદ જાગે છે, તેમાં વૃત્તિ એકાકાર થઈ જાય એટલે સમાધિ મળે.



# ॥ તીર્થ ॥

લોકોત્તર વિભૂતિઓની સાથે સંકળાયેલાં સ્થળો (તીર્થો) પવિત્ર અને વંદનીય માની શકાય છે ને પ્રેરણાનું પીયૂષ પાવામાં માણસને મદદરૂપ થાય છે.

❋

તીર્થો મૂંગી યુનિવર્સિટી કે વિદ્યાપીઠની ગરજ સારે.

❋

બદરીનાથનું પ્રાકૃતિક સૌંદર્ય તો ઉત્તમ છે જ. પરંતુ તેનો આધ્યાત્મિક મહિમા પણ ઓછો આકર્ષક નથી. નર-નારાયણ ઋષિની તપસ્યાભૂમિ તરીકે એ પ્રખ્યાત છે. (એટલું જ નહિ) સનક સનંદન ને સનત્કુમારનાં નામો પણ અહીં ગૂંથાયેલાં છે.

❋

હિમાલયની ભૂમિમાં અનેક ઋષિમુનિની તપશ્ચર્યાઓને ઈતિહાસ લખાયેલો છે આજે એ પહેલી નજરે જોવા ન મળે તેથી એમનું અસ્તિત્વ અને આ ભૂમિનો પ્રભાવ મટી જાય છે એમ માની લેવાનું નથી.

આ પરિવર્તનશીલ સંસારમાં દેવપ્રયાગની એક સાધારણ કુટિરનો શો હિસાબ ? પરંતુ તેણે બજાવેલી સેવા અને મારા જીવનના ઉત્થાનમાં ભજવેલો ભાગ કોઈ ભૂલી જવાની વસ્તુ થોડી જ છે ?

❀

મહાપુરુષોએ જે સ્થાનમાં જીવનલીલા કરી હોય તે સ્થાન, સાધારણ સ્થાન મટીને અસાધારણ તીર્થ બની જ જાય છે.

❀

(તીર્થના સંદર્ભમાં) યાત્રા શબ્દ વિશેષ વ્યંજનાથી ભરેલો છે. પ્રવાસ, સફર, પર્યટન, પરિભ્રમણ જેવા શબ્દોમાં જે નથી દેખાતો તે 'રહસ્યાર્થ' એની અંદર જોવા મળે છે.

❀

તીર્થોનો મહિમા વધારનારા સંતો આજે પણ ક્યાંક જોવા મળે છે.



# ॥ કૃપા ॥

ઈશ્વર જેના પર કૃપા કરે છે તેને સાંસારિક સુખાકારી અથવા ભૌતિક સમૃદ્ધિ જ નથી આપતા ઈશ્વર તેને 'સદ્‌બુદ્ધિ' આપે છે. એથી પણ આગળ વધીને 'બુદ્ધિયોગ' આપે છે એવી બુદ્ધિ કે જેના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થાય.

❀

ઈશ્વરની કૃપાના રહસ્યનો ઉકેલ કોણ કરી શકે ? તે કોના પર, ક્યારે ને ક્યાં કૃપા કરવા માગે છે તેનો ભેદ કોણ જાણી શકે છે ?

❀

ઈશ્વરી કૃપાના આસ્વાદ માટે આતુર બનવું જોઈએ તો તે જરૂર કૃપા કરી દે, દર્શન દે ને જીવન સંપૂર્ણપણે સુખી, શાંત, સમૃદ્ધ ને કૃતાર્થ બની જાય.

❀

ઈશ્વરની કૃપાથી શું નથી થતું ? એ નરને નારાયણ કરે છે.

એવી કોઈ વસ્તુ નથી જે ઈશ્વરકૃપા દ્વારા આ મનુષ્યશરીરથી ના થઈ શકે.

❋

ઈશ્વરની કૃપા અનેરી ને આકસ્મિક થતી હોય છે. ઉચિત સમયે તે વરસી રહે છે. ત્યારે તેનું દર્શન કરીને જીવન કૃતાર્થ થાય છે.

❋

ઈશ્વરને અંતરના અંતરતમથી જે પ્રેમ કરે છે તેના પ્રત્યે જરૂર તેની કૃપા વરસાવે છે.

❋

પ્રભુની કૃપા મળતાં માણસ મોટામાં મોટી મુશ્કેલીને પણ જીતી શકે છે.

❋

જે ઈશ્વરનું સાચા હૃદયથી સ્મરણ કરશે, શરણ લેશે ને એમના અનુગ્રહ અથવા પથપ્રદર્શનને માટે પ્રાર્થશે તેને કૃપાવંચિત નહિ રહેવું પડે.

❋

સાચા સંતનું જીવન ઉત્કટ પ્રાર્થના ને તેના પરિણામરૂપે મળેલી પ્રભુની કૃપાનું જ જીવન હોય છે.



ભક્તની બધી ચિંતા ભગવાનને હોય છે. એ એની સર્વાવસ્થામાં, સર્વ પ્રકારે સહાયતા પહોંચાડે છે, એની કૃપા-અનુગ્રહ અદ્‌ભુત અને અલૌકિક હોય છે.

## ॥ શરણ ॥

તારાં સંકટોને દૂર કરવાની શક્તિ બીજા કોઈમાં નથી એમ સમજીને એક ઈશ્વરનું જ શરણ લે. એનો ચમત્કાર તેં જોયો નથી એટલે જ દુન્યવી વ્યક્તિ અને વસ્તુનું શરણ શોધતો તું ભમ્યા કરે છે.

❋

સંસારની વિકટ યાત્રામાં પ્રભુનાં બાળકો સદા સલામત છે. અનંતની યાત્રામાં માણસને માટે પળે પળે પડવાની શક્યતા રહેલી છે પણ જે પ્રભુને જ વળગી પડ્યાં છે ને જેમનો હાથ પ્રભુએ પકડી લીધો છે તે સદાને માટે સલામત છે.

❋

મમતાળુ માતા જેમ પોતાના શિશુની સંભાળ રાખે છે તેમ પરમાત્મારૂપી પરમ માતા શરણાગતની સર્વ પ્રકારે સંભાળ રાખે છે. એનું શરણ તેમજ સ્મરણ સદાય શ્રેયસ્કર ઠરે છે.

જે મહાશક્તિનું શરણ લે તેને નિરાશ થવાનું કે ડરવાનું કારણ ના રહે. તેના હાથમાં તેનું સમગ્ર જીવન ભૂત, વર્તમાન ને ભાવિ સહીસલામત બની જાય. સુખ દુઃખ, નિંદા ને સ્તુતિ, પતન ને ઉત્થાન-બધે વખતે તે શાંત અને અડગ રહી શકે ને ઈશ્વર માટેની શ્રદ્ધાને સાચવી શકે.

❀

દેવી કે દેવતાના આવેશથી લોકોને ઠગવાને બદલે દેવી-દેવતાનો સાચો પ્રેમ પ્રાપ્ત કરો ને જીવનને ધન્ય કરવું હોય તો કૂડકપટ ને જૂઠને છોડીને ઈશ્વરનું જ શરણ લો.

❀

દુઃખના નિવારણ અને સર્વ પ્રકારના વ્યાધિની મુક્તિ માટે એક ઈશ્વરનું શરણ લેવાની આવશ્યકતા છે. એ શરણ સાચા દિલથી લેવાવું જોઈએ. એની પાછળ સરળતા તથા નિષ્કપટતા હોવાં જોઈએ.

❀

પ્રભુ દયાળુ છે તેને શરણે જે બેસે છે ને તે તેને પ્રાર્થે છે, પોકારે છે; તેને મદદ કરવા તે સદાયે તૈયાર રહે છે.



ઈશ્વરરૂપી માનું જે સાચા દિલથી શરણ લેશે એના સદ્‌ગુરુ તરીકે એ કાર્ય કરશે. એના સઘળા મનોરથને પૂરા કરીને એને શાંતિ આપશે.

❀

જે ઈશ્વરનું સદ્‌બુદ્ધિથી શરણ લે છે તેની સઘળી સંભાળ રાખવાની જવાબદારી તે ઉપાડી લે છે. તેના બધા જ કોડ પૂરા કરે છે ને બુદ્ધિ તથા રસવૃત્તિને સર્વ તરફથી સંકેલી લઈને કેવળ પોતાના ચારુ ચરણમાં કેન્દ્રિત કરે છે. તેનું કદી, ક્યાંય કોઈએ કારણથી અમંગળ થતું નથી.

## ॥ શ્રદ્ધા ॥

જેને ઈશ્વર પર શ્રદ્ધા છે ને જેનામાં સત્યતા ને પ્રામાણિકતા છે તેને સંસારમાં શાનો મોહ ?

❀

જેણે ઈશ્વરને માટે ફકીરી લીધી ને ઈશ્વરને સર્વસમર્પણ કર્યું, તે ગમે ત્યાં રહે ને ગમે ત્યાં ફરે ઈશ્વર તેની રક્ષા નિરંતર કર્યા કરે છે.

❀

ધ્રુવજીના પ્રસંગ પરથી શ્રદ્ધા ને પ્રેમનું બળ કેટલું છે તે સમજી શકાય છે. ને તારવી શકાય છે કે માગે તેને મળે જ છે કરે તે પામે ને વાવે તે લણે જ.

ઈષ્ટના મંદિરનાં પગથિયાં જે ચઢ્યો તેનાં બધાં જ દુઃખદર્દ મટી ગયાં એમ જ સમજવાનું.

❋

જુદા જુદા આત્માઓમાં અંકુરિત થતા શ્રદ્ધાભક્તિના ભાવના રહસ્યને ઓળખવાનું અથવા એમના કાર્યકારણભાવને સમજવાનું ખૂબ જ મુશ્કેલ હોય છે. તો પણ એની પાછળ કર્મસંસ્કારોની સંગીન સૃષ્ટિ કાર્ય કરતી હોય છે એ સાચું છે.

❋

જ્યાં પવિત્ર પ્રેમ અને શ્રદ્ધા હોય છે ત્યાંનું વાતાવરણ સદા સ્વર્ગીય લાગે છે.

❋

ગંગાજમનાના પાવન જળમાં સ્નાન કરીને કૃતાર્થ થવાની ભાવના કે શ્રદ્ધા સાચી હોય કે ન હોય પણ એ વાત તો સો ટકા સાચી છે કે પ્રેમગંગામાં જે સ્નાન કરે છે. ભક્તિભાવના જમનાના જળનું પ્રેમથી પાન કરે છે તેનાં બધાં જ દુઃખ દૂર થાય છે.

❋

પ્રેમ અને શ્રદ્ધા સારાં છે, સહજ છે પણ તેમનો ઉપયોગ આત્માની એકતાનો અનુભવ કરવા જેવો છે. તો જ તે હિતાવહ ને વંદનીય છે.



# ॥ સંસાર ॥

સંસારમાં માણસો મળે છે ને છૂટા થાય છે પણ તેમની સુવાસ રહી જાય છે.

❋

સંસારમાં યોજાતા સન્માનસમારંભની પાછળ યોજકોની ગુણદર્શિતાની ભાવના રહેલી હોય છે. પરંતુ જેમને માટે સમારંભો યોજાય છે એમણે એની અસર નીચે આવીને અહંકારી બનવાને બદલે આત્મનિરીક્ષણની વૃત્તિ વધારીને નમ્ર બનવું જોઈએ ને વધારે ને વધારે કર્તવ્યનિષ્ઠ બનવા તૈયાર થવું જોઈએ.

❋

અમારી (મહાત્મા) પાસે જે કાંઈ છે તે જનતા પાસેથી આવેલું છે, જનતાનું છે અને જનતા માટે વપરાયા કરે છે. ઈશ્વર જે કાંઈ આપે છે તે ઈશ્વરના જ કામ માટે વપરાય છે.

❋

વાસનામય માનવી ઈશ્વરનો આશ્રય લેવાને બદલે સંસારના વિષયોમાં બંધાઈ જાય છે પરિણામે જીવનને કૃતકૃત્ય કરનારું ને મુક્તિ કે પૂર્ણતાને પ્રદાન કરનારા પરમ ધર્મવૈભવથી વંચિત રહી જાય છે.

સંસાર તો ત્રિગુણાત્મક પ્રકૃતિનું સંતાન છે તેમાં શુભ અને અશુભ બંને તત્ત્વો રહેલાં છે. કોઈક જ મહાપુરુષ તેનાથી પર હશે. માટે અશુભની પરખ વારંવાર ને કાયમ માટે આંગળી કરીને કોઈને તિરસ્કારની નજરે જોવાની જરૂર નથી.

❁

આ જગત નશ્વર છે તેમાં પ્રીતિ કરવાને બદલે પ્રભુમાં જ પ્રીતિ કર.

❁

સંસારનાં ક્ષણિક સુખ ને સુખની સામગ્રીમાં પડી રહેવાને બદલે સનાતન સુખની પ્રાપ્તિ કરવી જોઈએ.

❁

બાહ્ય જગતના નશ્વર રાજ્યની પ્રાપ્તિ કરવાને બદલે અંદરના અમર રાજ્યને મેળવવું જોઈએ. કામ, ક્રોધ ને અહંકારને વશ કરીને તન મન, ઈન્દ્રિયોના સ્વામી થવું જોઈએ.

❁

સંસારનું કોઈએ કર્મ અવ્યવસ્થિત કે આકસ્મિક નથી. જે આકસ્મિક લાગે છે તેની પાછળ પણ કર્મની પ્રામાણિકતા ને ચોક્કસ વ્યવસ્થા કામ કરતી હોય છે.



# ॥ શિક્ષણ ॥

છાત્રાલયો કેવળ બાળકોને રાખવાનાં સ્થાન નથી. તે તો બાળકોને કેળવવાની જગ્યાઓ છે.

❁

વિદ્યાર્થીઓને દંડ દેવાથી ને મારવાથી વિદ્યાર્થીઓનું માનસ કેટલીકવાર સુધરવાને બદલે બગડે છે ને તેમના દિલમાં દ્વેષ ને પ્રતિશોધની ભાવના પ્રકટ થાય છે.

❁

સેવાના આદર્શ પર ઊભી થયેલી સંસ્થાના સંચાલક કે વ્યવસ્થાપકોએ સંસ્થાના સભ્યો તરફનો લગીર જેટલો પણ વિરોધ, દ્વેષ ને ઉપેક્ષાનો ભાવ પોતાના દિલમાંથી દૂર કરવાનો છે. તો જ સંસ્થાનું વાતાવરણ શાંતિમય બની શકે ને સંસ્થામાં સ્વર્ગ ઊતરે.

❁

આદર્શ સંચાલક એ આદર્શ સંસ્થાનું એક આવશ્યક અંગ છે.

❁

અતિશય લાડથી જેમ બાળકો બગડે છે તેમ અતિશય દાબ, માર ને ભયથી પણ તેમનો સુધાર અસંભવ બની જાય છે.

ગૃહપતિના પદ પર પ્રતિષ્ઠિત થયેલા માણસોએ બાળકોની સેવા કરવા માટેની મળેલી ઉત્તમ તકને માટે ઈશ્વરનો આભાર માનવો ને તે તેમના જીવનમાં રસ લઈ તેમની બનતી સેવા કરવા દિનરાત તૈયાર રહેવું. બાળકોને પ્રભુના પ્રતિનિધિ માનીને તેમનાં જીવનમાં ભળી જવાની કોશિશ કરશો, તો તમારું જીવન ધન્ય બનશે, તમારી મારફત સમાજની મોટી સેવા થશે.

❀

કુદરત એક મોટું વિશ્વવિદ્યાલય છે. ચાર દિવાલના બનેલ પથ્થર કે ઈંટના વિશ્વવિદ્યાલયમાં જે શિક્ષણ મળે છે તેના કરતાં કુદરત પાસેથી માણસને ઓછું શિક્ષણ નથી મળતું. માણસની આંખ જો ઉઘાડી હોય ને ગ્રહણશક્તિ તાજી હોય તો કુદરતને ખોળે બેસીને ઘણું ઘણું જ્ઞાન મેળવી શકે છે.

## ॥ સાહિત્ય ॥

પ્રત્યેક કળાની જેમ સાહિત્ય પણ એક મોટી સાધના છે. તેથી 'સ્વ' ને 'પર'નું હિત સાધી શકાય છે. એટલું જ નહિ, જ્યારે એને આત્મોન્નતિની સાધનાના એક અંગ તરીકે અપનાવવામાં આવે છે ત્યારે એ આશીર્વાદરૂપ બનીને જીવનના મંગલ માટેના મંત્ર જેવું થઈ પડે છે.



કેટલીક ઈશ્વરદત્ત શક્તિઓને પણ માણસે મન દઈને વિકસાવવી પડે છે, ત્યારે જ તે સુંદર સ્વરૂપ ધારણ કરે છે ને ફાલેફૂલે છે. કવિતા ને સાહિત્યની શક્તિનું પણ એવું જ સમજવાનું છે.

❀

લેખકે પોતાના લખાણને થોડો વખત રાખી મૂકીને સુધારવાની ને પછી લાંબે વખતે જાહેર કરવાની વૃત્તિ કેળવવાની જરૂર છે. સાહિત્યની સમૃદ્ધિને માટે એ વૃત્તિનું મહત્ત્વ ઓછું નથી.

❀

વિવેચકો જરાક માયાળુ ને સહાનુભૂતિવાળા બને તે જરૂરી છે. તેમનું કામ કેવળ લેખકની કૃતિના ગુણદોષ બતાવવાનું નહિ પણ લેખકને પ્રોત્સાહિત કરવાનું ને તેના લેખનને સુધારવાનું પણ છે.

❀

નદી, ઝરણાં, સાગર, આકાશ તથા વૃક્ષો, પુષ્પો ને સંધ્યા-ઉષાના રંગો લેખકને ડહાપણ ને જીવન-પરિવર્તનના કેટલા અવનવા પાઠ આપી શકે છે.

સાહિત્યનું લક્ષ્ય સમાજની સેવાનું છે. માનવજીવનના ઉત્થાનનું છે એટલે તે ધર્મ, મોક્ષ કે તત્ત્વજ્ઞાનના રંગે રંગાયેલું છે.

## ॥ જીવન ॥

જીવનને સદ્‌ગુણી ને સાત્ત્વિક બનાવવાથી શાંતિ મળે છે. સદ્‌ગુણ ને સાત્ત્વિકતા ઉત્તમ જીવનનો જરૂરી પાયો છે.

❃

સામાન્ય નાટક કરતાં જીવનના આ મહાન નાટકમાં વધારે કલા, શક્તિ ને સમજની જરૂર પડે છે.

❃

દરેક માણસના જીવનમાં વત્તીઓછી પ્રેરણાત્મક શક્તિ રહેલી હોય છે. તદ્દન સામાન્ય દેખાતા જીવનમાં પણ કેટલીકવાર એવી અસાધારણતા, એવો જાદુ ને પ્રેરણાબળ ભર્યું હોય છે જે આપણા અંતરમાં આદરભાવ જગાડે ને અલૌકિકતા જન્માવે.

❃

બહારથી સાધારણ ને વિશેષતા વિનાના દેખાતા જીવનને તદ્દન સાધારણ માની લઈને, સદાને માટે ઉપેક્ષાની નજરે જોવાની જરૂર નથી.



માણસે પોતે પોતાને દીન કે હીન માનીને પોતાના જીવનને ક્ષુદ્ર માનવાની જરૂર નથી.

❃

માનવજીવન અત્યંત મૂલ્યવાન છે એ જેમતેમ જીવી કાઢવાનું નથી. તેનામાં ભારે શક્તિ અને શક્યતા રહેલી છે.

❃

જીવન મિથ્યા નથી. પ્રયોજન વિનાનું પણ નથી. તેની પાછળ અમુક નિશ્ચિત હેતુ છે, તેનું ખાસ પ્રયોજન છે.

❃

દેહધારી માનવને જીવનની અલ્પતાનો અંત લાવી અને એને વધારે ને વધારે ઉચ્ચ તથા ઉજ્જવળ બનાવી છેવટે એને પરિપૂર્ણ કરવાની તક મળેલી છે. તેને જ્યોતિર્મય, સત્યમય ને અમૃતમય કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.

❃

ચાલુ જીવન તો જીવનની અનંત સાંકળનો એક અંકોડો માત્ર છે. તે પહેલો, વચલો કે છેલ્લો અથવા તો ગમે તેવા હોઈ શકે.

આજ સુધી કેટકેટલાં જીવન પસાર થઈ ગયાં તેની કોને ખબર છે ? તે દરમ્યાન માણસે કયા કયા સંબંધો બાંધ્યા ને કેવાં કેવાં મકાનોમાં વસવાટ કર્યો તેનો હિસાબ કોની પાસે છે ?

❀

ઈશ્વરનું આકર્ષણ અને એક ઈશ્વરની જ મમતા માણસને માટે મંગલકારક છે. જીવનનું સાચું શ્રેય તેમાં જ છે.

❀

જીવનમાં વહેલામાં વહેલી તકે આત્મોન્નતિ કરવાની જેની અભિલાષા હોય તેણે લગ્નજીવનમાં ના પડવું જોઈએ.

❀

જીવનમાં સાચું, સારું ને ખપ જેટલું બોલવાની ટેવ પાડવી જોઈએ. તેની સાથે જ ખોટું કરવું ને જરૂર વગરનું બોલવાની ટેવમાંથી છૂટવું જોઈએ.

❀

જેમનું જીવન પોતાની મહેનતથી ઉછર્યું હોય છે તેમની કથા અત્યંત રસ ભરેલી થઈ પડે છે. જીવનમાં કોઈ નવી જ ભાત પડેલી દેખાઈ આવે છે.



જીવનનો સદ્‌ઉપયોગ કરીને સૌએ પરમ પદની પ્રાપ્તિ કરવાની છે. તે પદની પાસે લૌકિક કે પારલૌકિક બધાં પદ ઝાંખાં અને મિથ્યા છે. સાધારણ પદ તો શું ? ઈન્દ્રપદ ને બ્રહ્મપદ પણ ! એ પરમ પદ પર પ્રતિષ્ઠિત થવામાં જ જીવનનું શ્રેય રહેલું છે.

❀

જીવનને ઉજ્જવળ કરવાની સાધના કરવાથી જ શાંતિ ને મુક્તિ મળી શકે છે.

❀

જીવન ટૂંકું છે ને તે પણ ચંચળ છે. પાણીના ધોધમાર પ્રવાહની પેઠે ઝડપથી ચાલ્યું જ જાય છે. એ જીવનમાં કોઈ ચોક્કસ ને નક્કર વસ્તુને પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેણે પ્રમાદનો પરિત્યાગ કરીને પરિશ્રમપ્રિય બનવાની જરૂર છે.

❀

જીવનની વર્તમાન બાજી પૂરી થાય તે પહેલાં બનતી વહેલી તકે ધ્યેયની સિદ્ધિ માટે આકાશ પાતાળ એક કરવાની જરૂર છે. તો જ આ લગીર જેટલા જીવનને ઉજ્જવળ કરીને કોઈ મહત્ત્વની વસ્તુ મેળવી શકાય.

**—સંકલન**